### સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન સાથે આઈઆઈટીનો ૧૦મો સ્થાપના દિવસ ઉજવાયો

# બદલાયેલી પરિસ્થિતિમાં બ્લેન્ડેડ એજ્યુકેશન સિસ્ટમની જરૂરિયાત : ભૂપેન્દ્રસિંહ

ગાંધીનગર, તા. ૩૦
ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (IITE), ગાંધીનગર નવ વર્ષ પૂર્ણ કરીને ૩૦ જૂન, ૨૦૨૦ના રોજ દશાબ્દી વર્ષમાં પ્રવેશી છે. ટીચર યુનિ. તરીકે જાણીતી આઈઆઈટીઈના સ્થાપના દિનની ઊજવમી સરકારના સૂચનો અનુસાર સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરીને કરવામાં આવી. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ પદે ગુજરાત સરકારના શિક્ષણમંત્રી ભૂપેન્દસિંહ ચુડાસમા, તથા અતિથિ વિશેષ તરીકે ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલનાયક, લોકભારતી ગ્રામ વિદ્યાપીઠના મેનેજિંગ ટ્રસ્ટી અને આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન પ્રશિક્ષક પ્રો. અરુણ દવે ઉપસ્થિત રહ્યા હતા.

- ટીચર યુનિવર્સિટીના સ્થાપના દિવસની ઊજવણીમાં યુનિવર્સિટી સંકુલમાં આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન પ્રશિક્ષક અને ગૂજરાત વિદ્યાપીઠના ભૂતપૂર્વ કુલનાયક પ્રો. અરુણ દવેનું શિક્ષક પ્રશિક્ષણને વધુ અસરકાર બનાવવા માટેનું પ્રેરક વકતવ્ય
- કુલપતિ ડૉ. હર્ષદ પટેલે શિક્ષક પ્રશિક્ષકો માટેના ABGIRA - MOOC પ્લેટફોર્મ તથા શિક્ષક પ્રશિક્ષકો માટેના ચાણક્ય પુરસ્કાર સહિત પાંચ મહત્ત્વપૂર્ણ સંકલ્પ જાહેર કર્યા.
- આઈઆઈટીઈના ૧૦મા સ્થાપના દિન અને દશાબ્દી વર્ષની ઊજવણીના ભાગરુપે યુનિવર્સિટી સંકુલમાં ૧૦૦૦ વૃક્ષો વાવવામાં આવશે

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આઈઆઈટીઈને સ્થાપનાના દશાબ્દી વર્ષમાં પ્રવેશ અને સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોનું પાલન કરીને સ્થાપવા દિવસની ઊજવણી સમારંભનું આયોજન કરવા બદલ ઉમળકાભેર અભિનંદન આપ્યા. તેમણે જણાવ્યું હતું કે, 'કોરોના વાઈરસના ફેલાવાને કારણે અટકી પડેલું જનજીવન હવે ધીરે ધીરે પુનઃ શરુ થઈ રહ્યું છે. આવા સમયે સોશિયલ ડિસ્ટન્સિંગ અને આરોગ્ય વિષયક પૂરતી તકેદારી સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં બદલ હું આઈઆઈટીઈને અભિનંદન આપું છું. આ કોરોના વેકેશન પછી યોજાયેલો સૌ પ્રથમ પ્રત્યક્ષ કાર્યક્રમ છે.'

તેમણે આઈઆઈટીઈના મંચથી રાજયની તમામ યુનિવર્સિટીને આહવાન કર્યું કે, આગામી સમયમં રાજયની મહત્તમ યુનિવર્સિટી ભારતની ટોચની ૧૦૦ યુનિવર્સિટીની યાદીમાં સ્થાન પામે. તેમણે કહ્યું કે, NIRF ના રેન્કિંગમાં રાજયની ગુજરાત યુનિવર્સિટી સ્થાન પામી છે, તેને માટે હું આ જાહેર મંચ પરથી અભિનંદન આપું છું અને આવતા વર્ષે આ યાદીમાં રાજયની એક કરતાં વધુ યુનિવર્સિટીને સ્થાન મળે તે માટે સૌ યુનિવર્સિટીના કુલપતિઓ સામુહિક ચર્ચા-વિચારણા કરે તે માર્ગે આગળ વધે.

આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન પ્રશિક્ષક, ગૂજરાત વિદ્યાપીઠના ભૂતપૂર્વ કુલનાયક તથા લોકભારતી ગ્રામ વિદ્યાપીઠના મેનેજિંગ ટ્રસ્ટી પ્રો. અરુણ દવેનું શિક્ષક પ્રશિક્ષણને વધુ અસરકારક બનાવવા માટે પોતાના વકતવ્યમાં અસરકારક સૂચનો કર્યા હતા. તેમને વર્તમાન શિક્ષણ પદ્ધતિમાં શિક્ષણના સાધનને સાધ્યને સિદ્ધ કરવા માટે કયાં અને કેવી રીતે વાપરવું તે શીખવવાની જરૂર પણ ભાર મૂક્યો. તેમણે







જણાવ્યું કે, 'આપણે શિક્ષણને માહિતી પ્રધાન બનાવી દીધું છે, જેને જીવનલક્ષી બનાવવાની જરૂર છે. આપણા પરિવાર, શેરી અને સમાજના પ્રશ્નોની ચર્ચા કલાસરુમમાં થવી જોઈએ. પરંતુ તેથી ઉલટું થઈ રહ્યું છે.'

આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે સ્થાપના દિને ટીચર યુનિવર્સિટીના પાંચ મહત્ત્વપૂર્ણ સંકલ્પ જાહેર કર્યા. તેમને જણાવ્યું હતું કે, 'શિક્ષક પ્રશિક્ષણના વિષયોમાં મેસિવ ઓપન ઓનલાઈન કોર્સિસ માટેનું વિશિષ્ટ પ્લેટફોર્મ' ANGIRA (Academic Networked Global Instructional Resources for Academicians) 'અંગિરા' ની શરુઆત કરવામાં આવશે. શિક્ષક પ્રશિક્ષકોના સમ્માન માટેનો વિશિષ્ટ પુરસ્કાર - ચાણક્ય આઈઆઈટીઈ દ્વારા દર વર્ષે આપવામાં આવશે. આઈઆઈટીઈ સાથે સંકળાયેલી સંસ્થાઓના શિક્ષક પ્રશિક્ષકો માટે ફેકલ્ટી એક્સચેન્જ પ્રોગ્રામ શરુ કરવામાં આવશે. આઈઆઈટીઈના વિદ્યાર્થીઓ માટે ૪૦ ટકા સુધી ઓનલાઈન શિક્ષણને પણ ક્રેડિટમાં તબદીલ કરી શકાશે. આ ઉપરાંત લોકડાઉનને કારણે શિક્ષણ પ્રક્રિયામાં આવેલા બહુઆયામી સંશોધન આધારિત સૂચનોનો એક દસ્તાવેજ સરકારને એક મહિનાની સમયસીમામાં સોંપવામાં આવશે.

આ કાર્યક્રમમાં શિક્ષણમંત્રીના હસ્તે ગત વર્ષમાં સેવા નિવૃત્ત થયેલા ૬ શિક્ષક પ્રશિક્ષકોનું સમ્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આઈઆઈટીઈમાં નિયુક્ત પામેલા બે શિક્ષક પ્રશિક્ષકોને શિક્ષણમંત્રીના હસ્તે નિમણૂકપત્ર આપવામાં આવ્યા હતા.

ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વૈશ્વિક કૌશલ્યો અને ભારતીય મૂલ્યો સાથે ઘડાયેલા શિક્ષકો તૈયાર કરવાના વિચારને સાકાર કરવા માટે પ્રતિબદ્ધ આઈઆઈટીઈના સ્થાપના દિવસની ઊજવણી યુનિવર્સિટીના સંકુલમાં ૧૦૦૦ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું.




વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસના બાળકો માટે શિક્ષણ અધ્યયન પ્રક્રિયાને વધુ રસપ્રદ બનાવવા અને નવીન શીખવવાના હેતુથી ઈત્તર પ્રવૃતિના ઓનલાઈન ક્લાસીસ પણ ચાલી રહ્યા છે. દરેક વિષયના નિયમિત ચાલી રહેલા ઓનલાઈન ક્લાસીસ ઉપરાંત દર શનિવારે બાળકોની તંદુરસ્તી માટે પી.ટી.- યોગાના ઓનલાઈન ક્લાસીસ તથા બાળકોને નવીન શીખવવાના હેતુથી આર્ટ અને ક્રાફ્ટ તથા ડાન્સના ઓનલાઈન સેશન્સ પણ ચાલી રહ્યા છે. બાળકો ભણવા ઉપરાંત ઈત્તર પ્રવૃત્તિમાં પણ રસ દાખવી શકે તે હેતુથી આ ઈત્તર પ્રવૃતિના વર્ગો પણ શનિવારે રાખવામાં આવે છે. બાળકોને નિયમિતપણે નવું શીખવાનું વલણ, ધગશ અને શોખ હોય છે. શિક્ષણ અધ્યયન પ્રક્રિયાને વધુ રસપ્રદ બનાવવાના હેતુથી , બાળકોમાં રહેલી પ્રતિભાને બહાર લાવવા અને તેમનો આત્મવિશ્વાસ વધારવા વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા ઈત્તર પ્રવૃત્તિઓ પણ સાથે કરાવવાની યોજના બનાવવામાં આવી છે. આ ઓનલાઈન ક્લાસમાં પણ બાળકો નવું શીખી અને ઉત્સાહથી ભાગ લે છે.

## ચિલોડામાં ધન્વંતરી આરોગ્ય રથ દ્વારા આયુર્વેદિક દવા અપાઈ



ચિલોડા,તા. ૩૦
જિલ્લામાં ધન્વંતરી આરોગ્ય રથ દ્વારા ગામે ગામે મહોલ્લે-મહોલ્લે સર્વેલન્સ અને આરોગ્યલક્ષી સારવાર અને આયુર્વેદિક દવા જરૂરિયાતમંદ પરિવાર-દર્દીઓને પૂરી પાડવા ધન્વંતરી રથનુંપરિભ્રમણ થઈ રહ્યુંછે. જયારે ચિલોડા ખાતે ધન્વંતરી આરોગ્ય રથનું આગમન સાથે આરોગ્યકર્મી દ્વારા તાવ-શરદી-દુઃખાવા-ડાયાબિટીસ જેવી બિમારી માટે આયુર્વેદિક દવા લાભાર્થીઓને પુરી પાડી હતી. જેમાં હોમિયોપેથી ડૉ. ઘનશ્યામભાઈ પ્રજાપતિ આરોગ્યકર્મી હિતેશ પટેલ, આશાવર્કર બહેનો પંચાયત સદસ્ય નટુભાઈ પટેલ વગેરે હાજર રહ્યા હતા. આ રથ ચિલોડા સાદરા અને ફિરોજપુર ગામે સેવા પુરી પાડી હતી.

## આઈઆઈટી ગાંધીનગરના સંશોધનકારોએ છાતીના એક્સ-રેથી કોવિડ-૧૯ને ઓળખી કાઢતું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલ બનાવ્યું

ગાંધીનગર, તા. ૩૦
ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર)ના સંશોધનકારોએ છાતીની એક્સ-રે ઈમેજીસથી કોવિડ-૧૯ ને



ઓળખી કાઢવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) આધારિત એક ડીપ લર્નિંગ ટૂલ વિકસાવ્યુ છે. આ ઓનલાઈન ટૂલ કોઈ વ્યક્તિ કોવિડ-૧૯થી ચેપગ્રસ્ત હોય તો તેની સંભાવના સૂચવે છે, જેનો ઉપયોગ તબીબી પરીક્ષણ પહેલાં ઝડપી પ્રારંભિક નિદાન માટે થઈ શકે છે.

આ વેબ-ટૂલ આઈઆઈટી ગાંધીનગરના કમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગના એમ.ટેક.ના વિદ્યાર્થી કુશપાલસિંહ યાદવ (મુખ્ય સંશોધક) દ્વારા કોગ્નિટિવ સાયન્સ અને કમ્પ્યુટર સાયન્સના આસિસ્ટન્ટ પ્રોફેસર પ્રો. કૃષ્ણપ્રસાદ મિયાપુરમના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવ્યું છે.

આ સિસ્ટમ હવે http://covidxray.iitgn.ac.in/ પર વેબ ઈન્ટરફેસ તરીકે ઉપલબ્ધ છે. કોઈપણ વપરાશકર્તા છાતીના એક્સ-રે અથવા સીટીસ્કેનની ડિજિટલ કોપી jpeg, png વગેરે માન્ય ઈમેજ ફોર્મેટ્સમાં અપલોડ કરી શકે છે અને તે વ્યક્તિ કોવિડ-૧૯ પોઝિટિવ છે કે નહીં તે ચકાસી શકે છે. નવી વ્યક્તિની કોઈપણ ટેસ્ટ ઈમેજનું ફોર્મેટ એઆઈ ટૂલનો ઉપયોગ કરીને આપમેળે રૂપાંતરિત કરીને નિદાન કરવામાં આવશે. તે પરિણામ આપતા પહેલા ઈનપુટ ઈમેજીસને વેલિડેટ પણ કરશે. પરિણામ થોડીક ક્ષણોમાં જ ઉપલબ્ધ થાય છે.

પ્રો. કૃષ્ણપ્રસાદ મિયાપુરમ અને કુશપાલ સિંહ યાદવે સાધન વિકસાવવા પાછળની પ્રેરણા અને વિચાર વિષે વાત કરતાં કહ્યું, "કોવિડ-૧૯ માટેની મર્યાદિત પરીક્ષણ સુવિધાઓને જોતાં, એક્સ-રેનો ઉપયોગ કરીને ઝડપી વિશ્લેષણ માટે એ.આઈ. ટૂલ્સ વિકસાવવા માટે ધસારો છે. વિશ્વસનીય ટૂલ વિકસાવવા માટે યોગ્ય અલ્ગોરિધમ્સ અને ડેટાનું સંયોજન જરૂરી છે. અહીં અમારું સાધન ઉપયોગી સાબિત થશે, જેને નિદાન હેતુઓ માટે ટ્રેઈન કરી શકાય છે અને વ્યાપક ઉપયોગ માટે ઉપલબ્ધ કરાવી શકાય છે."




એઆઈ-આધારિત ટૂલ એક્સ-રેનું વિશ્લેષણ કેવી રીતે કરે છેઃ

મેડિકલ ઈમેજથી નિદાન માટે એઆઈ ટૂલ્સનો ઉપયોગ વ્યાપક રીતે થાય છે. સંશોધનકારોએ ઈન્ટરનેટ પર ઉપલબ્ધ વિવિધ સ્રોતમાંથી કોવિડ-૧૯ ચેપગ્રસ્ત દર્દીઓની તેમજ તંદુરસ્ત વ્યક્તિઓની એક્સ-રે ઈમેજીસનો ડેટા એકત્રિત કર્યો હતો. તેમણે આ ઈમેજીસ સાથે ડીપ લર્નિંગ અલ્ગોરિધમ્સનો ઉપયોગ કરીને મશીન લર્નિંગ આર્કિટેક્ચરને તાલીમ આપી. આઈઆઈટી ગાંધીનગરના સંશોધનકારોએ જે ડીપ લર્નિંગ મોડેલનો ઉપયોગ કર્યો છે તેમાં ન્યુરલ નેટવર્કના ૧૨ સ્તરો છે, જે માનવ મગજમાં ન્યુરોન્સ હોય તેવું જ છે. ડીપ લર્નિંગની પદ્ધતિમાં ફાયદો એ છે કે તે એક્સ-રે ઈમેજીસમાંથી રોગના નિદાનની વિશેષતાઓને આપમેળે શીખે છે.

આઈઆઈટી ગાંધીનગરની ટીમે વિકસિત કરેલ ટૂલ ફેફસાના અન્ય રોગોમાંથી કોવિડની તપાસની વિશિષ્ટતાને સુનિશ્ચિત કરવા માટે ક્ષય રોગ, ન્યુમોનિયા જેવા ફેફસાના અન્ય ચેપની ઈમેજીસનો ઉપયોગ પણ કરે છે. આ ટૂલ વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ આવા અન્ય ઉચ્ચ તકનીકી ટૂલ્સથી પણ સારું કામ કરે છે. તદુપરાંત, તે સરળ મશીન લર્નિંગ આર્કિટેક્ચરનો ઉપયોગ કરે છે, જેનાથી તે અન્ય કરતાં અલગ તારી આવે છે.

આઈઆઈટી ગાંધીનગરના સંશોધનકારોએ, એઆઈ-આધારિત ટૂલની વધુ ચકાસણી માટે, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક હેલ્થ (આઈઆઈપીએચ), ગાંધીનગરના ડો. દીપક સક્સેના સાથે મળીને કામ કરી રહ્યા છે.



આ મુશ્કેલ સમયમાં, જ્યારે કોવિડ-૧૯નું નિદાન કરવું એક પડકારજનક કાર્ય છે, અને અધિકૃત પરીક્ષણ સુવિધાઓ મર્યાદિત છે, ત્યારે આ સાધન મોટી વસ્તીને સેવા પૂરી પાડી શકે છે. તે પ્રારંભિક પરિણામો સાથે પરીક્ષણ અને નિદાનમાં સહાય કરીને તબીબી માળખાકીય સુવિધાઓ પરના ભારને આવશ્યકપણે ઘટાડી શકે છે. જ્યારે તબીબી વ્યવસાયિકો પરીક્ષણ પરિણામોની રાહ જોતા હોય ત્યારે તેમના દ્વારા આ ટૂલનો ઉપયોગ કરી શકાય છે. સામાન્ય વપરાશકર્તાઓએ ધ્યાન રાખવું જોઈએ કે એઆઈ ટૂલ ફક્ત સૂચક છે અને નિદાનની પુષ્ટિ કરવા માટે તબીબી પરામર્શ જરૂરી છે.

### ચૌધરી ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગ કૉલેજ ખાતે

# વિદ્યાર્થીનીઓને કોવિડ-૧૯માં ફરજ બજાવવા પ્રોત્સાહન આપવા માટે કાર્યક્રમ








ગાંધીનગર,તા. ૩૦
કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીની તાત્કાલિન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતા ચૌધરી ઈન્સ્ટટયુટ ઓફ નર્સિંગના 4th year BSc Nursing અને 3th year GNM ની વિદ્યાર્થીનીઓ પ્રિન્સિપાલ મયુક જૈનના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવક તરીકે સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ફરજ બજાવવા જવાના છે જેથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યો હતો. આ બાદ વિદ્યાર્થીઓ ૩૧ જુલાઈ સુધી ફરજ બજાવશે.

જેમાં આઈ ડી ચૌધરી (સંયુક્ત સચિવ ઓફ ગર્વમેન્ટ ગુજરાત) ડૉ. પ્રજ્ઞા ડાભી (રજિસ્ટ્રાર ઓફ જીએનસી) તેમજ અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમખ હરિભાઈ ચૌધરી, એક્સ પ્રમુખ મણિભાઈ ચૌધરી, અન્ય ટ્રસ્ટી માધુભાઈ ચૌધરી, એસ.આર. ચૌધરી, એમ.એમ. ચૌધરી, શંકરભાઈ ચૌધરી તેમજ કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી અને ચૌધરી ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગના પ્રિન્સિપાલ ડૉ. મયુર જૈન, ફેકલ્ટી મેમ્બર ઓફ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.


## જન્મદિને વધામણી



ભાનુભાઈ પુરાણી
પ્રમુખ, ત્રિદલ અને ગાંધી મિત્ર વર્તુળ



બાબુલાલ અજમલભાઈ નાયી



કેશવગીરી ગોસ્વામી
મો. ૯૪૨૬૫૯૨૩૮૯



નારણભાઈ પ્રજાપતિ
મો. ૯૪૨૭૩ ૦૩૧૪૧



રમીલાબેન કાન્તિલાલ નાયી
મો. ૯૭૨૩૨ ૧૧૮૬૩



શૈલેષભાઈ નાનાલાલ મહેતા
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬



કિન્નરીબા જીલુભા ધાંધલ
મો. ૯૮૨૫૪ ૯૪૩૯૭



હૃદય ચક્રવર્તી



મનોજ એલ પટેલ
મો. ૯૭૩૭૭ ૬૭૭૭૦



મિતરાજસિંહ યોગેન્દ્રસિંહ ડાભી